# ગોઢાણીયા મહિલા કોલેજમાં ડીબેટ સ્પર્ધા અને ચાર્ટ એક્ઝિબિશન

ભાસ્કર ન્યૂઝ. પોરબંદર

પોરબંદરની ડો. વી.આર. ગોઢાણીયા મહિલા કોલેજમાં તાજેતરમાં ઈંગ્લીશ સ્ટડી સર્કલ દ્વારા વિદ્યાર્થીનીઓમાં ભારતીય સંસ્કૃતિ, કલા, પરંપરાઓ વિગેરેથી માહિતગાર થાય તેમજ આ વિષયો પર અંગ્રેજીમાં પોતાના વિચારો અને મંતવ્યો રજુ કરી શકે એ હેતુથી 'ભારતને ઓળખો (નો ઈન્ડીયા)' વિષય પર એક ડીબેટ સ્પર્ધાનું આયોજન પ્રા. સુલભાબેન દેવપુરકર તેમજ પ્રા. મહેશભાઈ કીકાણી દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં ઈંગ્લીશ વિભાગની સેમેસ્ટર-1,3 તથા 5 ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કલ્પનાબેન જોષી તથા પ્રા. નીતાબહેન બોરીસાગરે સેમેસ્ટર-5 ની વિદ્યાર્થીનીઓને વિજેતા જાહેર કરેલી. જેમાં જોષી ખુશાલી, ગોરસીયા બંસરી, જોષી ચાંદની, જમરીયા શીતલ, ગાગલીયા નિર્મલા તેમજ બ્લોચ નગ્મા નો સમાવેશ થાય છે તેમજ શ્રેષ્ઠ સ્પર્ધક તરીકે ઓડેદરા ચેતના તથા કોટિયા દેવાંગીની પસંદગી કરેલ હતી.

આ ઉપરાંત કોલેજમાં ચાલતા એમ.એ. અંગ્રેજી વિભાગ દ્વારા અંગ્રેજી સાહિત્ય પર ચાર્ટ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તેમના અભ્યાસક્રમમાં આવતી અંગ્રેજી કવિતાઓને



**છાત્રોએ** ઉત્સાહ ભેર ભાગ લીધો : જીતેશ ચૌહાણ

કલ્પનાતીત ચિત્રો તેમજ આકૃતિઓ સ્વરૂપે ચાર્ટસમાં રજુ કરી હતી.

બંને કાર્યક્રમોમાં સંસ્થાના સક્રિય ટ્રસ્ટી ભરતભાઈ વિસાણા તેમજ આચાર્ય અનુપમ નાગર એ હાજરી આપી વાતાવરણમાં ઉર્જા રેડી હતી અને ભવિષ્યમાં આવા કાર્યક્રમો થતા રહે એવી હાકલ પણ કરી હતી.